સાબરમતી નદીમાં સેલ્ફ બોટીંગ માટેની બોટ પાલડી એનઆઈડીની પાસે શરૂ કરવામાં આવી છે.

બે દિવસમાં ફરી વરસાદની આગાહી

આ જ દિવસે કચ્છની સાથે દીવ, દમણ, દાદરા નગર હવેલીમાં પણ વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે : સૌરાષ્ટ્ર-કચ્છની સાથે ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ થશે

અમદાવાદ, તા.૩

રાજ્યના હવામાનમાં પલટો આવવાની સંભાવના આગાહી દિવસો માટે વ્યક્ત કરવામાં આવી છે. જેમાં રાજ્યના સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. માર્ચ મહિનો જાણે ચોમાસાની શરુઆત હોય તે રીતે પસાર થયા બાદ માર્ચમાં પણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે કમોસમી વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. વરસાદની અને વાતાવરણમાં આવી રહેલા પલટાની સીધી અસર ખેડૂતો પર પડી રહી છે. પાકને નુકસાન થયાની ફરિયાદો ખેડૂતો દ્વારા કરવામાં આવી રહી છે. એક પછી એક આવી રહેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાજ્યમાં વરસાદી માહોલ બની રહ્યો છે. આવામાં વધુ એક સર્ક્યુલેશનના લીધે રાજ્યના વિવિધ ભાગોમાં વાદળછાયું વાતાવરણ બની રહ્યું છે. અઠવાડિયાની મધ્યમાં રાજ્યના સૌરાષ્ટ્ર-કચ્છની સાથે ઉત્તર અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. હવામાન વિભાગની વેબસાઈટ દ્વારા હવામાનમાં પલટાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે, જોકે, આજે તથા આવતીકાલે રાજ્યનું હવામાન સૂકું રહેવાની શક્યતા વ્યક્ત કરાઈ છે અને આ પછી બે દિવસ વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. તારીખ ૫મી એપ્રિલે હવામાન વિભાગે રાજ્યના ઉત્તર ભાગમાં આવેલા સાબરકાંઠા અને બનાસકાંઠામાં હળવા વરસાદની સાથે થંડરસ્ટ્રોમ રહેવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. આ જ દિવસે કચ્છની સાથે દીવ, દમણ, દાદરા નગર હવેલીમાં પણ વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. તારીખ ૬ માર્ચે હળવા વરસાદની સાથે થંડરસ્ટ્રોમ એક્ટિવિટી થવાની આગાહી કરવામાં આવી છે. જેમાં રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા અને કચ્છમાં વરસાદ થવાની સંભાવના છે.

જ્યારે દીવ, દમણ, દાદરા નગર હવેલી જેવા દરિયા કિનારે આવેલા ભાગોમાં પણ વરસાદી માહોલ બનવાની સંભાવના છે. કેમ ઉનાળામાં પડી રહ્યો છે વરસાદ? પશ્ચિમી વિક્ષોભના કારણે ગુજરાત સહિત દેશના અન્ય ભાગોમાં વરસાદી માહોલ ઉભો થઈ રહ્યો છે. આમ થવાથી હવામાનમાં ભેજ રહેવાના કારણે મહત્તમ તાપમાન સામાન્ય કરતા નીચું નોંધાઈ રહ્યું છે. આગામી દિવસોમાં મહત્તમ તાપમાનનો પારો ૨-૪ ડિગ્રી વધશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. રાજ્યમાં રવિવારે કંડલા (પોર્ટ), રાજકોટ અને સુરેન્દ્રનગરમાં સૌથી ઊંચું ૩૭ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું છે. જ્યારે સૌથી નીચું લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી નલિયામાં નોંધાયું હતું.

માનવ કલ્યાણ યોજનાનો લાભ લેવા ઈ-કુટિર પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાનો શુભારંભ

ગાંધીનગર, તા.૩

રાજ્યના છેવાડાના નાગરીકોને સ્વરોજગારી આપવા રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કર્યો છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ડિઝિટલ ભારતના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગ દ્વારા વધુ એક મક્કમ પગલું ભરી યોજનાકીય લાભો ઓનલાઈન આપવા ઈ-કુટિર પોર્ટલ શરૂ કર્યુ છે.

રાજ્યના આર્થિક રીતે પછાત વર્ગના નાગરિકો માનવ કલ્યાણ યોજના અંતર્ગત સાધન ઓજારો (ટૂલકિટ)નો લાભ લેવા માટે આજે ઈ-કુટિર પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાનો ગાંધીનગર ખાતેથી ગ્રામોદ્યોગ

મંત્રી બળવંતસિંહ રાજપૂતના હસ્તે તેમજ ગ્રામોદ્યોગ રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં શુભારંભ કરાયો હતો. રાજ્યના અરજદારો આજથી એટલે કે તા. ૩ એપ્રિલથી આગામી બે મહિના સુધી આ પોર્ટલ મારફતે ઓનલાઈન અરજી કરી શકશે.

આ યોજનાનો લાભ ઘરે ઘરે પહોંચાડવા માટે રાજ્ય સરકાર દ્વારા ઓનલાઈન પોર્ટલ ગત વર્ષે શરૂ કરવામાં આવ્યું હતું. www.e-kutir.gujarat.gov.in વેબસાઈટ પરથી રાજ્યના અરજદારો આ યોજનાનો લાભ લેવા અરજી કરી શકે છે.

બે પેપર બપોરે તો એક પેપર સાંજે લેવાયું

૧.૩૦ લાખ વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષા આપી

આ વખતે ગુજકેટની પરીક્ષામાં બિહાર, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને યુપીના વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે

ગાંધીનગર,તા.૩

ગુજરાતભરમાં આજે ૬૨૬ શાળામાં ૧.૩૦ લાખ વિદ્યાર્થીઓ ગુજકેટ એટલે કે ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ આપી છે. આ પરીક્ષાથી વિદ્યાર્થીઓને ઈજનેરી, ફાર્મસી, મેડિકલ ક્ષેત્રે પ્રવેશ મળે છે. ગુજકેટમાં મળેલા માર્ક્સના આધારે ઉપરોક્ત ક્ષેત્રમાં પ્રવેશ ફાળવવામાં આવે છે.

રાજ્યભરમાં ૬૨૬ સ્કૂલમાં ૧.૩૦ લાખ વિદ્યાર્થી ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) આપશે. ડિગ્રી ઈજનેરી, ફાર્મસી, મેડિકલમાં પ્રવેશ માટે ગુજકેટમાં વિદ્યાર્થીને મળેલા ગુણને આધારે મેરિટ ક્રમ નક્કી કરવામાં આવે છે. યોજાયેલી પરીક્ષામાં વિદ્યાર્થીઓ પોતાની સાથે સાદું કેલક્યુલેટર લઈ જઈ શક્યાં હતા. પરીક્ષામાં વધારાની કોઈ પણ વસ્તુ કે ગેજેટ લઈ જવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.ગુજકેટમાં સૌથી વધુ ૧૮,૦૪૪ વિદ્યાર્થી સુરતમાં, જ્યારે સૌથી ઓછા ૩૪૭ વિદ્યાર્થી આહવા ડાંગમાં નોંધાયા છે. ગુજકેટમાં ત્રણ પેપર એક જ દિવસમાં લેવાશે. સવારે ૯.૩૦ વાગ્યાથી પરીક્ષા શરૂ થઈ હતી. પહેલા તબક્કામાં ફિઝિક્સ અને કેમિસ્ટ્રીનું પેપર લેવાયું છે, બીજા તબક્કામાં બાયોલોજીનું પેપર હતું. તેનો સમય બપોરે ૧૨:૩૦થી ૨:૦૫ સુધીનો હતો પછીના તબક્કામાં ગણિતનું પેપર જેનો સમય બપોરે ૨.૩૦ વાગ્યાથી સાંજે ૪.૦૫ મિનિટ સુધીનો રહેશે.

આ વખતે ગુજકેટની પરીક્ષામાં બિહાર, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને યુપીના વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. તેમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ મહારાષ્ટ્ર બોર્ડના છે.

આહવામાં ભાજપના લઘુમતી મોરચાના મહામંત્રી આસીફ શાહનું રાજીનામું

ડાંગ,તા.૩

ડાંગ જિલ્લા ભાજપના સંગઠનમાં ધડાધડ રાજીનામા પડી રહ્યાં છે. આજે ડાંગમાં ભાજપના લઘુમતી મોરચાના મહામંત્રી આસીફ શાહે રાજીનામું ધરી દીધું છે. સંગઠનમાં ચાલતા આંતરિક જૂથવાદને કારણે આસીફ શાહે રાજીનામું આપ્યું હોવાનું સામે આવ્યું છે. ૨ દિવસમાં ડાંગ જિલ્લા સંગઠનમાં ૩ હોદ્દેદારોએ રાજીનામું આપતા ભાજપમાં હડકંપ સર્જાયો છે.

તમને જણાવી દઈએ કે, અગાઉ જિલ્લા ભાજપ પ્રમુખ અને આહવા મંડળના પ્રમુખે રાજીનામું આપ્યું હતું.

કંપની સમાચાર

ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (અમૂલે) ૧૮.૫ ટકા વૃધ્ધિ સાથે રૂ.૫૫,૦૫૫ કરોડનું ટર્નઓવર હાંસલ કર્યું

લોકપ્રિય બ્રાન્ડ અમૂલના નેજા હેઠળ દૂધ અને ડેરી પ્રોડક્ટસનું વેચાણ કરતી ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિમિટેડે (અમૂલ ફેડરેશન) તા.૩૧ માર્ચ, ૨૦૨૩ના રોજ પૂરા થતા નાણાંકિય વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૫૫,૦૫૫ કરોડનું પ્રોવિઝનલ ટર્નઓવર નોંધાવ્યું છે. અમૂલ ફેડરેશનની ૧૮.૫ ટકાની ટર્નઓવર વૃધ્ધિ મહદ અંશે બ્રાન્ડેડ કન્ઝ્યુમર પ્રોડક્ટની માંગમાં વધારાના કારણે જોવા મળી છે. અમારી ફ્રેશ પ્રોડક્ટ કેટેગરીએ ૨૧ ટકાના દરે વૃધ્ધિ નોંધાવીને અમૂલ ફેડરેશનના ટર્નઓવરમાં ૫૦ ટકાનું યોગદાન આપ્યું છે અને આઈસ્ક્રીમ રેન્જ ૪૧ ટકાના દરે વૃધ્ધિ પામી છે. અમારી કન્ઝ્યુમર પ્રોડક્ટ કેટેગરીએ વાર્ષિક ધોરણે ૨૩ ટકાનો વૃધ્ધિ દર નોંધાવ્યો છે, જેમાં ચીઝ, બટર, યુએચટી મિલ્ક, મિલ્ક બેવરેજીસ, પનીર, ક્રીમ, છાશ અને દહીંમાં ૨૦થી ૪૦ ટકાનો વૃધ્ધિ દર જોવા મળ્યો છે. અમૂલ ગ્રુપના સભ્ય સંઘોનું પ્રોવિઝનલ અનડુપ્લિકેટેડ ગ્રુપ ટર્નઓવર રૂ.૭૨,૦૦૦ કરોડ (૯ અબજ યુએસ ડોલર) નો આંક વટાવી ગયું છે.

૧૮ સભ્ય સંઘોનું બનેલું અમૂલ ફેડરેશન ગુજરાતના ૧૮,૬૦૦ ગામોમાં ૩૬ લાખથી વધુ ખેડૂત સભ્યો પાસેથી દૈનિક સરેરાશ ૨૭૦ લાખ લીટર દૂધ એકત્ર કરે છે. ભારતના ટોચના મહાનગરોની દૂધ અને દૂધની પેદાશોની માંગ સંતોષવા માટે અમૂલ ફેડરેશનના સભ્ય સંઘોએ ૯૮ ડેરી પ્લાન્ટનું નેટવર્ક સ્થાપ્યું છે.

ઈન્ટરનેશનલ ફાર્મ કમ્પેરિઝન નેટવર્ક (આઈએફસીએન)ના આંકડા મુજબ અમૂલ ફેડરેશન દુનિયાની ટોચની ૨૦ ડેરી કંપનીઓમાં ૮મું સ્થાન ધરાવે છે અને બ્રાન્ડ ફાયનાન્સ ૨૦૨૨ રિપોર્ટ, યુકે ના જણાવ્યા મુજબ અમૂલ સૌથી સબળ ડેરી બ્રાન્ડ હોવાની સાથે સાથે ભારતમાં વિવિધ પ્રોડક્ટના વાર્ષિક ૨૦૦૦ કરોડ પેકેટ નું વેચાણ કરે છે.અમૂલ ફેડરેશના ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટર શ્રી જયેન મહેતાએ જણાવ્યું હતું કે "અમે તમામ પ્રોડક્ટ કેટેગરીના વેચાણ જથ્થામાં વૃધ્ધિ હાંસલ કરી છે. પાઉચમાં વેચાતું દૂધ કે જે સર્વોચ્ચ ટર્નઓવર ધરાવતી પ્રોડક્ટ છે, તે પ્રોડક્ટે બે આંકડાનો વૃધ્ધિ દર દર્શાવ્યો છે. આ ઉપરાંત અમારી બટર, ઘી, આઈસ્ક્રીમ, યુએચટી મિલ્ક, ફ્લેવર્ડ મિલ્ક, પનીર અને ફ્રેશ ક્રીમમાં પણ બે આંકડાનો વૃધ્ધિ દર જોવા મળ્યો છે." અમે માનનિય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને માનનિય ગૃહ અને સહકાર પ્રધાન શ્રી અમિત શાહનો સહકારી ક્ષેત્રને વિકસાવવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવા બદલ તથા નેશનલ કો-ઓપરેટીવ ઓર્ગેનિક લિમિટેડ (એનસીઓએલ) અને નેશનલ કો-ઓપરેટીવ એક્સપોર્ટ લિમિટેડ (એનસીઈએલ) સહિત ત્રણ મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવ્ઝ વિકસાવવા બદલ તથા ઓર્ગેનિક પ્રોડક્ટસના એકત્રીકરણ તથા બજાર સંપર્ક પૂરો પાડવા માટે અને ખેડૂતોની આવક બમણી કરવા માટે માર્ગદર્શન પૂરૂં પાડવા બદલ આભાર માનીએ છીએ.

અહીં એ નોંધવું મહત્વનું છે કે અમૂલ ફેડરેશન દૂધ ઉત્પાદકોને ગ્રાહકોના રૂપિયાનો ૮૦ થી ૮૫ ટકા હિસ્સો સુપ્રત કરે છે અને તે રીતે વધુ દૂધ ઉત્પાદન માટે પ્રોત્સાહન પૂરૂં પાડે છે.

રાજ્યમાં કોરોનાના ૨૩૧ નવા કેસ નોંધાયા

અમદાવાદ,તા.૩

૩જી એપ્રિલે ગુજરાતમાં કોરોના વાયરસના નવા ૨૩૧ કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૬૮ કેસ નોંધાયા છે. જ્યારે ૩૪૯ દર્દીઓને રજા આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, એકપણ દર્દીનું મોત થયું નથી. ગયા અઠવાડિયે દર્દીના કોરોનાને કારણે સાત દર્દીના મોત નીપજ્યાં છે. કોરોનાના વધતા કેસને ધ્યાને રાખી ગુજરાતીઓએ ફરીથી સાવધાન રહેવાની જરૂર છે અને જો કોઈપણ લક્ષણ દેખાય તો તાત્કાલિક તેની સારવાર કરાવવી જોઈએ.

આમ, સમગ્ર ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૨૩૧ કેસ નોંધાયા છે. તો બીજી તરફ, ૩૪૯ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલ ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૨૨૧૪ એક્ટિવ કેસ છે.

આ ઉપરાંત ૧૧ જેટલા દર્દીને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે. જ્યારે ૨૨૦૪ દર્દીની તબિયત સ્થિર છે. ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસથી અત્યાર સુધીમાં કુલ ૧૧૦૫૫ દર્દીના મોત નીપજ્યા છે. તો ૧૨ લાખથી વધુ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે.

અમદાવાદમાં મોહન ભાગવત અને અમિત શાહ વચ્ચે ખાસ બેઠક યોજાઇ

અમદાવાદ,તા.૩

અમદાવાદમાં સંત સંમેલન કાર્યક્રમાં સંઘના વડા મોહન ભાગવત તેમજ ગૃહમંત્રી અમિત શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. ત્યાર બાદ મોહન ભાગવત તેમજ ગૃહમંત્રી અમિત શાહ વચ્ચે એક કલાક કરતાં પણ વધુ સમય માટે બેઠક થઈ હતી.

૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા ગુજરાત ધાર્મિક, રાજકીય અને સામાજિક મુદ્દાઓના મનોમંથનનું એપી સેન્ટર બન્યું છે. અમદાવાદના શિવાનંદ આશ્રમ ખાતે આયોજીત આઠમી હિંદુ આચાર્ય ધર્મસભામાં સંઘના વડા મોહન ભાગવત ઉપસ્થિત છે. તો કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પણ ધર્મ સંમેલનમાં હાજર રહે તેવી શક્યતા છે.દેશભરમાંથી હિંદુ સંપ્રદાયના પૌરાણિક મઠના સંતોષ ધર્માચાર્યોની હાજરીમાં વર્તમાન મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરાશે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, સરકાર અને સંતોની હાજરીમાં ધાર્મિક બાબતો પર મંથન કરાશે. આ સંત મહાસંમેલનમાં રાજ્ય સરકારો દ્વારા મંદિરોમાં થતા વહીવટ અંગે પણ ચર્ચા થઈ શકે છે. ૨૦૨૪ લોકસભા ચૂંટણી પહેલા મોહન ભાગવતનો દેશભરના ટોચના સંતો સાથેના સંવાદને મહત્વનો માનવામાં આવે છે.અમદાવાદના શિવાનંદ આશ્રમ ખાતે આયોજીત આઠમી હિંદુ આચાર્ય ધર્મસભામાં દેશભરના સંતો-મહંતો અને સંઘના આગેવાનો મહત્વના મુદ્દે ચર્ચા કરશે. જેમાં હિંદુ મંદિરોના જીર્ણોદ્ધાર, મંદિરોમાં સરકારના વહીવટ, હિંદુ મંદિરોને મળતા દાનનો ધર્મકાર્યોમાં વધુ ઉપયોગ કરવા અંગે ભાર મુકાશે. આ ઉપરાંત આદિવાસી કલ્યાણની નવી યોજનાની સાથે જ ગૌ-સેવાનો વ્યાપ વધારવા પર મંથન થશે. હિંદુ પરંપરા અનુસારના શિક્ષણની સાથે જ સમાજના વિવિધ વર્ગોનું ઉત્થાન થાય તેના પર ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

ચૌધરી પરિવાર ફેબ્રુઆરીમાં વિઝિટર વિઝા પર કેનેડા ગયો હતો

મૃતકોની અંતિમ વિધિ તેમના ગામમાં કરવામાં આવે તેવી શક્યતા : બોર્ડર ક્રોસ કરીને અમેરિકા જવા નીકળ્યા હતા, બુધવારે રાત્રે નદીમાં ડૂબી રહેલા લોકોએ પોતાને બચાવવા માટે ચીસાચીસ કરી હતી

અમદાવાદ, તા.૩

અમેરિકા-કેનેડાની બોર્ડર પર સેન્ટ લૉરેન્સ નદીમાં ડૂબી જતાં મોતને ભેટેલો ચૌધરી પરિવાર ફેબ્રુઆરી મહિનામાં વિઝિટર વિઝા પર કેનેડા ગયો હતો. પરિવારના ત્રણ સભ્યોના મોતની પુષ્ટિ થઈ ચૂકી છે, પરંતુ આ ઘટના બની ત્યારે પ્રવીણ ચૌધરીના પત્ની દક્ષા ચૌધરી સાથે હતા કે કેમ તેની જાણકારી બહાર નથી આવી. આ ઘટનામાં આઠ લોકો માર્યા ગયા હતા, પરંતુ એક મૃતકની ઓળખ હજુ સુધી પ્રસ્થાપિત થઈ શકી નથી. જે ત્રણ ગુજરાતી મૃતકો ઓળખાયા છે તેમાં મહેસાણાના માણેકપુરા ગામના પ્રવીણ ચૌધરી, તેમની દીકરી વિધિ ચૌધરી અને દીકરા મિતનો સમાવેશ થાય છે.

ગુજરાત પોલીસના સૂત્રોનું માનીએ તો ચૌધરી પરિવારના કોઈપણ સભ્યએ તેમને મોકલનારા એજન્ટોના નામ નહોતા આપ્યા. એટલું જ નહીં, તેઓ કેનેડાથી અમેરિકા જવાના હતા તેની પણ કોઈની સાથે વાત નહોતી કરી. રવિવારે પૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરીએ મૃતકના પરિવારજનોની માણેકપુરા ગામ જઈને મુલાકાત લીધી હતી. આ કેસની તપાસ સીઆઈડી ક્રાઈમ દ્વારા કરવામાં આવી રહી છે. જેના એક અધિકારીએ જણાવ્યું હતું કે આ મામલામાં જે મોડસ ઓપરેન્ડી અપનાવાઈ છે તેમજ ચૌધરી પરિવાર જે રૂટ પરથી અમેરિકા જવા નીકળ્યો હતો તેને જોતા ત્રણ એજન્ટો તેમાં સંડોવાયેલા હોવાની આશંકા છે.

અમદાવાદ, મહેસાણા અને સુરેન્દ્રનગરના ગામોમાં શૈક્ષણિક ક્ષેત્રના સીએસઆરનું અમલીકરણ કરવા KRSFએ સુઝુકી મોટર્સ ગુજરાત સાથે હાથ મિલાવ્યા

અમદાવાદ, તા.૩

શિક્ષણ મારફતે વંચિત સમુદાયોનું ઉત્થાન કરવા માટે સમર્પિત એક દાયકા જૂની સંસ્થા ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF)એ હાલમાં જ જાપાનની ઑટોમોબાઈલ ક્ષેત્રની દિગ્ગજ કંપની સુઝુકી મોટર કૉર્પોરેશનની સંપૂર્ણ માલિકીની સહાયક કંપની સુઝુકી મોટર્સ ગુજરાત (SMG) સાથે સહયોગ સાધ્યો છે. આ સહયોગ સાધવા પાછળનો હેતુ અમદાવાદ, સુરેન્દ્રનગર અને મહેસાણા જિલ્લાના ૨૨ ગામોમાં આવેલી સરકારી પ્રાથમિક શાળાઓ ખાતે શિક્ષણ અને શૈક્ષણિક સુવિધાઓની ગુણવત્તા સુધારીને સૌ કોઈને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવાની ગુજરાત સરકારની પહેલને આગળ વધારવાનો છે.

આ સહયોગના ભાગરૂપે KRSF એસએમજી માટે શૈક્ષણિક ક્ષેત્રમાં કૉર્પોરેટ સોશિયલ રીસ્પોન્સિબિલિટી (CSR) પ્રોજેક્ટ્સને હાથ ધરશે અને તેનું અમલીકરણ કરશે. આ બંને કંપનીઓ સંબંધિત ગામોમાં સરકારી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને ટેકો પૂરો પાડવા પરસ્પર સંમત થઈ છે અને તેમણે નિર્ધાર કર્યો છે. ગુજરાત સરકારે શૈક્ષણિક ક્ષેત્રમાં કેઆરએસએફ દ્વારા સંચાલિત કરવામાં આવતી શ્રેણીબદ્ધ પહેલોને ખૂબ સારું સમર્થન પુરું પાડવાનું અને વિવિધ ગામોમાં સરકાર દ્વારા સંચાલિત શાળાઓની સાથે કામ કરવા તેની ટીમને સક્ષમ બનાવવાનું ચાલું રાખ્યું છે.

આ સહયોગ અંગે વાત કરતાં KRSFના સ્થાપક શ્રી પ્રતુલ શ્રોફે જણાવ્યું હતું કે, 'કેઆરએસએફ ખાતે અમારું પ્રાથમિક ફૉકસ ગુણવત્તાયુક્ત શિક્ષણની શક્તિ મારફતે વંચિત સમુદાયોનું ઉત્થાન કરવાનો અને ગુજરાત સરકાર સાથે કામ કરીને તેમને આત્મનિર્ભર બનાવવાનું છે. છેલ્લાં એક દાયકામાં અમે યુવાનોમાં ગુણવત્તાયુક્ત પૂરક શિક્ષણ પૂરું પાવા અને શિક્ષણની ગુણવત્તાને સુધારવા ગુજરાતના ગામડાંઓમાં આવેલી ઓછામાં ઓછી ૪૬૦ શાળાઓમાં કામ કર્યું છે. અમે એસએમજી સાથે સહયોગ સાધીને ખૂબ જ ગર્વ અનુભવી રહ્યાં છીએ તથા ગુજરાત સરકાર સાથે ભેગા મળીને શૈક્ષણિક ક્ષેત્રમાં અમારા પ્રયત્નોને અમદાવાદ, મહેસાણા અને સુરેન્દ્રનગર જિલ્લાઓના વધુને વધુ ગામો સુધી વિસ્તારી રહ્યાં છીએ.' એસએમજી KRSFને આગામી ત્રણ વર્ષ (પ્રોજેક્ટના અમલીકરણનો સમયગાળો) માટે મૂડીગત ખર્ચ અને સંચાલન સંબંધિત ખર્ચને પહોંચી વળવા માટે પ્રોજેક્ટના વ્યાપ અને કદ મુજબ નાણાકીય અનુદાન પૂરું પાડીને મદદરૂપ થશે.

એકંદરે આ પ્રોજેક્ટ એ બાબતની ખાતરી કરશે કે લાભાર્થીઓને પ્રાપ્ત થતાં શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવાની દિશામાં તાત્કાલિક અને નિશ્ચિત પ્રભાવ પડે.

ગુજકેટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૪ બિલ્ડીંગોમાં ૨૮૬ બ્લોકમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જયારે પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સી સી કેમેરાની વોચ સાથે તમામ સેન્ટરો પર ઓબર્ઝવરની નિમણુંક આપવામાં આવી હતી. ગુજકેટની પરીક્ષા શાંતિપુર્ણ માહોલમાં પુર્ણ થઈ હતી જયારે પરીક્ષા દરમિયાન જિલ્લામાં એક પણ કોપી કેસ નોંધાયો નથી. વિજ્ઞાન પ્રવાહમાં ગુજકેટની પરીક્ષાને અનુલક્ષીને આજના દિવસ માટે જે શાળાઓમાં પરીક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરવામાં આવી હોય તેવા સંજોગોમાં ઉત્તરવહીનુ મુલ્યાંકન કરવાની કામગીરી પણ બંધ રાખવામાં આવી હતી.

બુલડોઝર ફેરવાયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

મંદિરે પહોંચ્યા તો તેમને બહાર જ અટકાવી દેવાયા હતા. ઝઘડો કરનારા લોકો પર લાઠીઓ વરસાવાઈ હતી. મીડિયાને પણ પ્રવેશ નહોતો અપાયો. માહિતી અનુસાર રવિવારે રાતે ૧૨ વાગ્યે નોટિસ ચોંટાડાઈ હતી.

જેસીબી, ડમ્પર રાતે જ આવી ગયા હતા અને સવારે ૬ વાગ્યે કાર્યવાહી શરૂ કરાઈ હતી. દરેક ઘરની સામે પોલીસ હાજર રહી હતી. પહેલા નિર્માણાધીન મંદિરની દિવાલો તોડી પડાઈ અને પછી વાવ પર આવેલા મંદિરમાંથી મૂર્તિઓ ખસેડાઈ હતી.

ચિંતાનજક

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશોમાંથી આવતા મુસાફરોનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. ૧ એપ્રિલે રાજ્યમાં ૧૨૩ લોકો કોરોનાથી સંક્રમિત જોવા મળ્યા હતા. કર્ણાટકમાં સક્રિય કોવિડ -૧૯ કેસ ૧,૪૦૦ ને વટાવી ગયા છે. અહેવાલ મુજબ, એકલા બેંગલુરુમાં કુલ કેસના ૫૯ ટકા નોંધાયા છે. રાજ્યમાં ૧ એપ્રિલના રોજ ૨૮૪ નવા કેસ નોંધાયા હતા. મહારાષ્ટ્રમાં લગભગ ૫૫૦ કેસમાંથી ૧૭૨ કેસ એકલા મુંબઈમાં નોંધાયા છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનએ એક સત્તાવાર બુલેટિનમાં જણાવ્યું હતું કે મુંબઈમાં ૨ એપ્રિલે કુલ ૧૭૨ નવા કોરોના કેસ નોંધાયા હતા. દરમિયાન, દર્દીઓનો સાજા થવાનો દર ૯૮.૨ ટકા રહ્યો. રવિવારે (૨ એપ્રિલ) સવારે ૮ વાગ્યા સુધી ભારતમાં ૩,૮૨૪ કોરોના કેસ નોંધાયા હતા. ૧૮૪ દિવસમાં આ સૌથી વધુ કેસ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના ડેટા અનુસાર, દેશમાં સક્રિય કેસોની સંખ્યા વધીને ૧૮,૩૮૯ થઈ ગઈ છે. દરમિયાન, પાંચ નવા મૃત્યુ સાથે, મૃત્યુઆંક વધીને ૫,૩૦,૮૮૧ થઈ ગયો છે અને કોરોના કેસની કુલ સંખ્યા ૪.૪૭ કરોડ થઈ ગઈ છે. ઉર્ઞનું કહેવું છે કે, ૨૭ ફેબ્રુઆરીથી ૨૬ માર્ચ સુધીમાં દક્ષિણ પૂર્વ એશિયા ક્ષેત્રમાં ભારતમાં સૌથી વધુ કોરોના કેસ નોંધાયા છે. જ્યારે રાજધાની દિલ્હીમાં પણ કોરોનાના કેસ વધી રહ્યા છે. અરવિંદ કેજરીવાલ સરકારે થોડા દિવસો સુધી આ અંગે ઘણી મહત્વપૂર્ણ બેઠકો કરી હતી. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, તેઓ દિલ્હીમાં કોવિડ-૧૯ના વધતા કેસ પર નજર રાખી રહ્યા છે અને કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર છે.

સુનાવણી યોજાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

હવે ૧૩ એપ્રિલે નીચલી કોર્ટના ચુકાદા સામેની અપીલ પર સુનાવણી હાથ ધરાશે.

રાહુલ ગાંધીના વકીલે તેમની સજાને સ્થગિત કરવાની માંગ કરી હતી પરંતુ કોર્ટે કહ્યું કે બીજા પક્ષને સાંભળ્યા વિના ચુકાદો ન આપી શકાય. આ માટે કોર્ટે ૧૩ એપ્રિલે થનારી સુનાવણી પહેલાં ફરિયાદી પક્ષને ૧૦ દિવસનો સમય આપ્યો છે અને આગામી સુનવણી ૧૩ એપ્રિલે કરવાનો નિર્ણય કર્યો છે.

સુરત ખાતે રાહુલ ગાંધીના સમર્થનો જમાવડો થયો હતો. જેની સામે પોલીસે સુરક્ષાના પગલે ઘણા બધા સમર્થકોને ડિટેઈન કરાયા છે. જે સમર્થકોમાં મહિલા કાર્યકર્તાઓને પણ હતી. તેમને પણ ડિટેઈન કરાઈ છે. મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશથી આવેલા કોંગ્રેસ સેવા દળના કાર્યકર્તાઓને પણ ડિટેઈન કરાયા છે. અત્યાર સુધી મળતી માહિતી અનુસાર, ૫૦૦થી વધુ કાર્યકર્તાઓને ડિટેઈન કરાયા છે.

ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સર્ચ ઓપરેશન ચાલુ છે. અત્યાર સુધીમાં પોલીસે પાંચ હથિયારો પણ કબજે કર્યા છે અને હજુ કેટલાક હથિયારો મળી આવે તેવી ધારણા છે. હાલમાં કેટલાક અન્ય નક્સલવાદીઓને પણ ગોળીથી ઈજા થઈ હોવાના અહેવાલ છે. એવી માહિતી મળી હતી કે, ૨૫ લાખનું ઈનામ ધરાવતો સ્પેશિયલ એરિયા કમિટીના સભ્ય ગૌતમ પાસવાન પોતાની ટુકડી સાથે ત્યાં હાજર છે અને કોઈ મોટી ઘટનાને અંજામ આપવાની તૈયારી કરી રહ્યો છે.

ચિત્તો

● અનુસંધાન પહેલાનું ચાલુ

લઈ જવા લાગ્યા હતા. ઘટનાની જાણ થતા વન વિભાગનો સ્ટાફ પણ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. તેમાં જ એક વીડિયોમાં વનકર્મીઓ હિન્દીને બદલે અંગ્રેજી ભાષાના શબ્દો ઉચ્ચારીને ખૂબ જ પ્રેમથી ચિત્તાને ભગાડતા જોવા મળ્યા હતા. વનકર્મીઓ ચિત્તાની સામે 'ગો...ગો...ઓબન...ગો' કહેતા સાંભળી શકાય છે. આ વિડીયો સોશિયલ મીડિયામાં પણ ઘણો વાયરલ થતો જોવા મળે છે.